સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૫૫૧

ફુગાડે કોઇને, કોઇને આસમાને ચડાવે છે,
હસાવે, ઉથલપાથલથી કોઇને રડાવે છે,
પડાવે ભેદ-ભાગલા, બાંધે, કોઇને છોડાવે છે,
અંબાણી ભાઇઓ ચૂંટણીમાં કૂકડાં લડાવે છે..
(ઉદ્યોગપતિઓનું મનોરંજન!)

રેલી ની ઢેલી!
જૂઠાં વચનો પાપે -
ધ્રૂજી દરતી..
(પૂર્વાંચલમાં ધરતીકંપ)

'ભરતી મેળો!'
દલાલો દ્વારા થતું -
ચૂંટણી ફંડ!!
(ભરતી ઝૂંબેશ શરૂ..)

હાઈકુ

ચિંતન

મન મૂઆ, માયા મુઇ, સંશય મુઆ શરીર ।
અવિનાશી જો ના મરે, તો ક્યોં મરે કબીર? ॥

જેને શસ્ત્રો છેદી નથી શકતાં - જેને અગ્નિ બાળી નથી શકતો જેને વાયુ સૂકવી નથી શકતો જેને પાણી ડુબાડી નથી શકતું એવા અજર-અમર 'આત્મા'ના લક્ષણ ભગવત ગીતામાં કહ્યાં છે. કબીરજી આ લક્ષણોને પોતાની લોકબોલીમાં જ કહે છે. શરીર અને મનની સાથે જોડાયેલાં મોહ-માયા-સંશય બધું જ નાશવંત છે પણ આત્મા અવિનાશી છે.

આત્મા અજર-અમર જ છે તો પછી નશ્વર ચીજોનું આકર્ષણ શા માટે? એના નાશનો ભય અને ચિંતા પણ શા માટે?

શ્રીમદ્ રાજચંદ્રએ પણ આત્માના છ લક્ષણો વર્ણવ્યા છે. આત્મજ્ઞાની ને 'મુક્તિ' સરળ થઇ જાય છે એને મોહ-માયા-લોભ-ક્રોધના બંધન નડતાં નથી. આવી વ્યક્તિને કોઇ શોક-દુઃખ-ગ્લાનિ થતાં નથી કે નથી થતી કોઇ પણ વાતની ચિંતા. કોઇની કે કોઇ પાસેથી કંઇ પણ ઇચ્છા-અપેક્ષા પણ રહેતી નથી. ઇચ્છાનો પ્રવાહ થંભી જાય છે. દેહ-શરીર-ભોગ પ્રત્યેની મમત મરી જાય છે.

આત્મજ્ઞાનીના સૂક્ષ્મ દેહની આભાના સ્પંદનો સતત ફેલાતાં રહે છે. આત્મા એ પરમાત્માનો અંશ છે. સૌમાં સમાન રીતે વ્યાપ્ત અને સર્વવ્યાપી છે.

સુવિચાર

- કોઇને પણ બુરા નહીં માનવાથી ભલાઇ ભીંતરમાંથી પ્રગટ થાય છે, ભીંતરથી પ્રગટેલી તે ભલાઇ નક્કર અને વ્યાપક હોય છે — *ધર્મસૂત્ર*
- અન્યાય પૂર્વક કમાયેલું ધન આપણને કામ આવી જશે એમ માની લઇએ - આ નિયમ નથી... પણ તેનો દંડ ભોગવવો પડશે - આ નિયમ છે — *રાજચંદ્ર*
- કોઇને જરા પણ દુઃખ ન થાય, આ ભાવ મહાન ભજન છે — *એસ. ભક્તાચાર્ય*
- જેમ કોઇ કંપનીનું સારૂં કામ કરવાથી તેનો માલિક પ્રસન્ન થાય છે, તેમજ નિઃસ્વાર્થ સેવા કરવાથી તેના માલિક ભગવાન પ્રસન્ન થઇ જાય છે — *કુમારપાળ દેસાઇ*
- જે સેવા લેવા ચાહે છે તેનો હાલનો સમય ખરાબ છે પણ જે સેવા કરવા ચાહે છે તેને માટે હાલનો સમય ઘણો ઉત્તમ છે — *જર્મન કહેવત*
- સંસાર તરફ ચાલવાવાળાના કોઇ પણ સાથી હોતા નથી, પણ ભગવાન તરફ ચાલવા વાળાના સૌ કોઇ સાથી થઇ જાય છે — *જન કલ્યાણ*
- તીવ્ર અભિલાષાની ખામીથી જ પરમાત્માની પ્રાપ્તિમાં વાર લાગે છે, મહેનતની ખામીથી નહીં — *અધ્યાત્માનંદજી*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

આજે તો બાવહુઓ અને ઝડફીયાઓ દરેક પક્ષમાં જથ્થાબંધ જોવા મળે છે. જીસકે પલ્લડેમેં લહુ ઇસકે પલ્લે મેં હમ! પોતે જ કરેલાં ઝેરી-દંભી-જૂઠા નિવેદનોને ગોળી શરબત બનાવી ટેસથી પી જાય છે, સિદ્ધાંત-મંતવ્યો-વિચાર પરથી ગૂલાંટો મારવામાં તો ભલભલા વાંદરાઓ પણ એની પાસે પાણી ભરે! ભૂલ થાય-વિચાર પરિવર્તન થાય એમાં આશ્ચર્ય નથી પણ રોજ? દિ' ઉગે ને 'પરિવર્તન?'

બંગાળના મહાન નવલકથા-કાર શ્રી બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય (રાષ્ટ્રીય ગીતવાળા) એકવાર કોઇ વાતે એમનાં મિત્ર સાથે કોઇ વાર્તામાં 'અંટસ' પડી ખૂબ દલીલો-વિવાદ થયા વાત 'ઝગડા' સુધી પહોંચવામાં જ હતી તેથી બંને સમજીને છૂટા પડ્યા, અને નક્કી કર્યું ઘેર જઇ 'સત્ય' શોધવા પ્રયત્ન કરવો.

બંકિમચંદ્ર એ ઘેર આવી સંદર્ભ પુસ્તકો જોયાં અને જે વાતની મિત્ર સાથે વાદ-દલીલ કરતાં હતા એમાં પોતે ખોટા હતા તે જાણ્યું - તરત મિત્રને ઘેર ગયા અને કહ્યું :

'સાંભળ, મહાન માણસો પોતાનો મત-નિશ્ચત-કદી ફેરવતા નથી મને મૃત્યુ સુધી નક્કી કરેલા સિદ્ધાંતને વળગી રહે, અને કપટી-દંભી લોકો પણ પોતાની ખોટી વાતને ચૂસ્ત રીતે વળગીને બેઠા હોય છે, હું નથી મહાપુરૂષ કે નથી કપટી દંભી. હું મારી ભૂલ સ્વીકારું છું તમે સાચા હતા. તમને દુભવ્યા એ બદલ હું ક્ષમા માગું છું...' બંને મિત્રો હર્ષાશ્રુ સાથે ભેટી પડ્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

જે ભાઈઓની જિંદગી સુધારવા તેને પોતાની જિંદગીનો મહત્ત્વનો સમય ખરચી નાખ્યો, તે આજે તેનો સાથ છોડીને જતા રહ્યા, આવા વિચારો આવતાં તેની આંખમાં આંસુ આવી ગયા

નવાં ક્લેવર
- નટવર હેડાઉ

(ગતાંકથી આગળ...)

અચાનક જ મંદિરમાં વાગતા શંખ અને ઘંટનો સ્વર તેના કાનમાં પડ્યો. તેની સ્મૃતિઓનો પ્રવાહ તૂટ્યો અને તે અતિતથી નીકળી ફરી પાછો વર્તમાનમાં પાછો આવી ગયો. વિજળીના બલ્બોના પ્રકાશથી મંદિર ઝગમગી રહ્યું હતું. સામે રસ્તા પર ગાડીઓની લાઇટો લાગી ગઇ હતી. ભક્તોની ભીડ દેખાતી હતી અને મંદિરમાં આરતી શરૂ થઇ ગઇ હતી.

લગભગ સવા કલાકે આરતીનું સમાપન થયું. ભગવાનના જય જયકારથી મંદિર ગૂંજી ઊઠ્યું. પ્રસાદ વહેંચાતાં ભક્તોની ભીડ વિખરાવા લાગી. ફૂટપાથની બાજુમાં બેઠેલાં ભીખારીઓ અને લૂલા લંગડાંને લોકો ખાવા પીવાની વસ્તુ અને પહેરવા ઓઢવાના કપડાંનું દાન કરવા લાગ્યા. ભૂખને કારણે તેના પેટમાં પણ બિલાડાં બોલવા લાગ્યાં હતા. એક નજરે તે રસ્તા પરથી પસાર થતાં લોકોને જોવા લાગ્યો. પણ કોઇ વ્યક્તિને તેના પર દયા ન આવી. તેને એવી ઇચ્છા થઇ આવી કે હાથ લંબાવી મોં ખોલીને કોઇ પાસે કંઇક માંગુ. પણ હિંમત થઇ નહીં.

થોડી જ વારમાં મંદિરમાં દેખાતી લોકોની ભીડ ઓછી થઇ ગઇ. નીચે ફૂટપાથ પર બેઠેલા ભીખારીઓ ખાઇ-પીને આડા પડવા લાગ્યા. રાત વધવાની સાથે ઠંડીનો ચમકારો લાગવા લાગ્યો. ઠંડી વધતાં તેણે પોતાની પાતળી ફાટેળી જુની ચાદરને માથા સુધી ઓઢી શરીરને ઢાંકીને લીમડાના થડને અઢેલીને તે બેસી ગયો. મંદિરે આવતાં જતાં એકલદોકલ લોકો જ હવે દેખાતાં હતા.

ફૂટપાથ પર બેઠો બેઠો તે દૂર દૂર સુધી ચમકતા શહેરનો જોવા લાગ્યો. ઊંચી ઊંચી ઇમારતો, પહોળી સડકો, રેલ્વેના પાટા, ટ્રેનો, બગીચા અને ફૂવારા, રાતના અંધકારમાં ચમકતા શહેરનો વૈભવ જોઇને તે વિસ્મિત થતો રહ્યો. ઇશ્વરે બનાવેલ આ અનોખી દુનિયાને જોતો તે વિચારવા લાગ્યો. એક તરફ વિપુલ સંપન્નતા અને બીજી તરફ દરીદ્રતા, નિર્ધનતા અને લાચારી, અમુલ લોકોની સાથે તો ભગવાન પણ ન્યાય કરતો નથી. મોટા મોટા રોગો અને અપંગતા દઇને લાચાર અને કેવા મજબૂર બનાવી દે છે.

તેને દુનિયાના લોકોનો વ્યવહાર પણ ખુબ ક્રૂર અને કઠોર લાગવા માંડ્યો. જીવનમાં તેણે પૂર્ણ નિષ્ઠા અને જવાબદારી પૂર્વક કામ કર્યું છે. પણ તેના બદલા રૂપે તેને શું મળ્યું? જે પ્રેમ માટે એ આખી જિંદગી તડપતો રહ્યો, તે આજ સુધી નથી મળ્યો. ઉંમરના આ પડાવે આવતાં ગંભીર બિમારીએ તેને જકડી લીધો છે. જે ભાઇઓની જિંદગી સુધારવા તેને પોતાની જિંદગીનો મહત્ત્વનો સમય ખરચી નાખ્યો, તે આજે તેનો સાથ છોડીને જતા રહ્યા. આવા વિચારો આવતાં તેની આંખમાં આંસુ આવી ગયા. માં અને બાપુજી તેની સ્મૃતિમાં ઉતરી આવ્યા. આજે તે જીવતાં હોત તો તેમનાંથી બનતું બધું કરી છૂટત. તેને આમ અસહાય મોતના મોંમાં છોડીને જાત નહીં.

મોતની વાત મગજમાં આવતાં જ તે કંપી ઊઠ્યો. તેના શરીરે કેન્સર જેવી બિમારી એ જકડી લીધું છે. મૃત્યુ ધીરે ધીરે તેની તરફ નજીક આવી રહ્યું છે. તેનો ક્રૂર પંજો ગમે ત્યારે તેનું ગળું દબાવી શકે તેમ છે. તેના શરીરમાં શીત લહેર પ્રસરી ગઇ. ભયથી તે ધ્રૂજવા લાગ્યો. પોતાના શરીર પર ઓઢેલી ચાદરને તેણે બરાબર જોરથી ખેંચીને ઓઢી લીધી અને અસહાય દૃષ્ટિએ ભગવાનના દ્વાર તરફ જોવા લાગ્યો.

અચાનક એક સ્ત્રીને મંદિરના પગથીયાં ઉતરતી જોઇને તે ચોંકી ગયો. લાલ રંગની સાડી અને હાથમાં પૂજાની થાળી તેમજ ખભા પર ટીંગાડેલ કાળા રંગની બેગ. મંદિરના દરવાજાથી બહાર નીકળતી તેની તરફ આવતી એ સ્ત્રીને તે ટીકી ટીકીને જોવા લાગ્યો. શ્યામલો રંગ, ગોળ ચહેરો, કાળા લાંબા વાળ અને કાનમાં સોનાની સુંદર બુઢ્ઢીઓ, હરણી જેવી ચમકતી કાળી આંખો, સ્ત્રીને સુંદરતા ને ચંચળતાને જોઇને તે રોમાંચિત થઇ ગયો. ધીરે ધીરે ચાલીને આવતી તે સ્ત્રી તેની સામે આવીને ઊભી રહી. તેની તરફ જોઇને હંસી. પોતાની બેગમાંથી એક પેકેટ કાઢ્યું અને તેને આપતાં સ્નેહ પૂર્વક બોલી, 'તમને બહુ ભૂખ લાગી હશે ખરૂં ને! લ્યો આ ખાઇ લો.'

સ્ત્રીનાં મધુર સ્વરને સાંભળીને તે વિસ્મય પામ્યો. ધ્રૂજતા હાતે તેણે પડીકું પકડી લીધું. સ્ત્રીએ ફરીવાર બેગમાં હાથ નાંખ્યો અને ગરમ શાલ કાઢી તેની સામે ધરી. 'લ્યો, ઠંડી બહુ છે. રાતે આ તમને કામ લાગશે.'

શાલ તેના હાથમાં પકડાવીને ફરી એકવાર તે હંસી પડી. તે સ્ત્રીની કાળી આંખોને જોઇ તે અભિભૂત થઇ ગયો. કૃતજ્ઞતાવશ તેની આંખોમાં પાણી આવી ગયા. સ્ત્રીએ તેના તરફ લાગણીનો ભાવ પ્રગટ કર્યો અને તે પાછી વળી ગઇ. ધીરે ધીરે તે તેનાથી દૂર દૂર ચાલી ગઇ. રસ્તાની પેલી તરફ જતાં તે તેની નજર ને પહોંચે એટલી દૂર નીકળી ગઇ.

આ બનાવ બન્યાને કલાકો વીતી ગયા. પણ હજુ તેનામાં તેનો રોમાંચ ઓછો થતો ન હતો. ખાઇ-પીને શાલ ઓઢીને તે ફૂટપાથ પર સૂઇ ગયો. તેની નજીકમાં જ માંગણો અને ભીખારીઓ ગાઢ નિંદ્રામાં સૂતા હતા. પણ તેને ઊંઘ આવતી ન હતી. પેલી કરૂણામય સ્ત્રીનો ચહેરો તેની આંખો સામે તરવરી રહ્યો હતો. જો એ તેને મદદ કરવા ન આવી હોત તો તે પોતે આજે જ ભૂખ અને ઠંડીને કારણે આ ફૂટપાથ પર મરી જાત. જે પ્રેમ અને લાગણીની આશા તે વરસોથી શોધતો હતો તેને તેણે આજ પહેલી વખત અનુભવી. યુવાનીમાં પગ માંડતાં જ એક સુંદર સ્ત્રીની કાલ્પનિક છબી તેના મગજમાં છવાઇ ગઇ હતી. શ્યામલો છતાં નમણો ચહેરો, કાળા લાંબા વાળ અને સાડીમાં દેખાતો છાતીનો ઉભાર, હોઠ પર સૌમ્ય મલકાટ, પોતાના જીવન સાથી તરીકે એક સ્ત્રીનું આવું રૂપ તેના મગજમાં બરાબર છવાઇ ગયું હતું. પણ એવી સ્ત્રી એને ક્યાંક ન મળી. જિંદગીભર તેની નજર તેને શોધતી રહી. પણ અચાનક આજે એ દેવીનાં દર્શનથી તે રોમાંચિત થયો હતો.

આવુ જ બીજા દિવસે પણ બન્યું, આખો દિવસ એ ફૂટપાથ પર બેસી રહ્યો. પણ કોઇએ તેની તરફ ન જોયું. રાત થતાં સુધી પેટમાં આંતરડાં અમળાવા લાગ્યાં. કોઇ પાસે ભીખ માંગવાની તે હિંમત કરી ન શક્યો. મંદિરમાં આરતી પુરી થઇ ગઇ. ભક્તોની ભીડ વિખરાઇ ગઇ. રાત ઘેરાવાની સીથે ચારે તરફ સન્નાટો છવાવા લાગ્યો. એ જ વખતે પેલી સ્ત્રીને મંદિરનાં પગથીયાં ઉતરતી જોઇને તો ચોંકી ગયો. તેના મનમાં હર્ષની એક લહેર દોડી ગઇ. તે અપલક તેને જોવા લાગી. ધીરે ધીરે ચાલતી તે તેની નજીક આવી ઊભી રહી. તેની સામે જોઇ તે હંસી પડી પછી પોતાના ખભા પર ટીંગાડેલ બેગમાંથી ખાવા માટેનું એક પેકેટ કાઢી તેના હાથમાં પકડાવ્યું. કૃતજ્ઞતાવશ તેની આંખો છલકાઇ. સ્ત્રી એ તેના પ્રત્યે સ્નેહ પ્રગટ કર્યો અને ચાલી ગઇ.

એ દયાળુ સ્ત્રી હવે રોજ આવવા લાગી. આખો દિવસ ફૂટપાથ પર બેસી એ તેની રાહ જોતો. સાંજની આરતી પુરી થયા પછી મંદિરનાં પગથિયાં ઉતરતી દેખાતી. તે એની આંખોમાં આંખ મિલાવીને હસતી. તેના પ્રત્યે સ્નેહ બતાવતી અને થોડી વાતો કરતી. પછી તેના હાથમાં ખાવાનું આપીને ચાલી જતી. આશ્ચર્યથી રોજ તે તેને દૂર સુધી જોઇ રહેતો. તેની ચાલ, પહેરવેશ અને બોલવાની છટા પરથી તે કોઇ સારા સંસ્કારી કુટુંબની સ્ત્રી લાગતી. મંદિરમાં રોજ તે ભગવાનની પૂજા કરવા આવે છે.

માંદગીને કારણે ધીરે ધીરે તેની હાલત હવે વધુ બગડવા લાગી હતી. ખાંસી વધી ગઇ હતી. શરીરમાં તાવ પણ વધારે રહેવા લાગ્યો. હાડકામાં સખત દુખાવો રહેતો હતો. ખાંસી વધારે આવે ત્યારે ક્યારેક મોંમાં લોહી આવી જતું. ખાંસતાં ખાંસતાં જાણે હમણાં જીવ નીકળી જશે એમ લાગતું. તેને એમ થયું કે હવે તો શ્વાસ અટકી જાય તો આ કષ્ટોથી મુક્તિ મળી જાય. શરીરમાં એટલી અશક્તિ આવી ગયેલી કે હવે તો ઉઠીને સહેજ ચાલવાનું પણ મુશ્કેલ બની ગયું હતું. આખો દિવસ ફૂટપાથ પર ક્યારેક છાયામાં તો ક્યારેક તડકામાં તે પડ્યો રહેતો. મોતનો વિચાર મગજમાં આવતાં તે ધ્રુજી ઊઠતો. પણ બીજી જ પળે તે થોડી રાહત અનુભવતો. ગમે તે થાય પણ મૃત્યુ પછી તેની લાશની દુર્દશા નહી થાય, કેમ કે હમણાં થોડા દિવસ પહેલાં જ રાતની ઠંડીના કારણે એક ભીખારી મરી ગયેલો. સવાર થતાં પોલીસ અને નગરપાલિકાની ગાડી આવી પહોંચેલી અને તે ભીખારીના શબને લઇ ગયેલી. તેને સાંભળવા મળેલું કે બિનવારસી લાશની અંતિમ વિધિની વ્યવસ્થા નગર પાલિકાએ કોઇ સ્વૈચ્છિક સંસ્થાને સોંપી છે તે ખૂબ વિધિપૂર્વક અને સન્માન સાથે મૃતદેહની અંતિમ ક્રિયા કરે છે. એ જાણીને તેને આનંદ થયો.

આજે તેની હાલત વધારે ખરાબ થઇ હતી. આખો દિવસ ખાંસી આવતી રહી. ત્યારે એમ થયું કે મરતાં મરતાં બચ્યો છું. શરીરની શક્તિ એટલી ક્ષીણ થઇ ગઇ હતી કે માંડ તે પોતાના શરીરને લીમડાના થડનો ટેકો દઇ બેઠો હતો. મોતનો વિચાર આવતાં તે વારંવાર ગભરાઇ ઊઠતો હતો. તેને ભૂખ પણ લાગતી ન હતી. છતાં ખુબ જ વ્યાકુળતા પૂર્વક તે આજે પેલી સ્ત્રીની રાહ જોતો હતો. કેટલાય દિવસોથી એ તેની સેવા કરતી હતી. પણ એણે આજ સુધી તેનું નામ પણ પુછ્યું નથી. પોતાના અંતિમ સમયમાં તે તેનો આભાર માનવા માંગતો હતો. તેની સાથે વાતો કરવા માંગતો હતો. તેનું નામ જાણવા માંગતો હતો. આજે અનાયાસ એ સ્ત્રી તરફ તેના હૃદયમાં જાણે કે પ્રેમ અને આકર્ષણ ઉમટી આવ્યું હતું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

'ચલ સરકાર બના...' હુકમનો એક્કો આપણાં હાથમાં...!!

કોણ બનશે આપણી બેગમ? વિકાસનાં કમળનાં ફૂલોવાળી? ચાંદ બતાડતી પંજાવાળી? ભ્રષ્ટાચારને હચમચાવતી ઝાડુવાળી? આપણે તો 'મતવાળા' અને એ બધી તો 'મતવાલી'

હેલ્લો ફ્રેન્ડસ!
-સંજય ચોરાત
hellogandhinagar@gmail.com

'તમારાં નામની ટપાલ આવી છે.' ઓફિસથી ઘરમાં પગ મુકતાં જ પત્નીએ તિચ્છી નજરથી ટપાલ થમાવી, એમ કહોને કે મારાં હાથમાં જોરથી પછાડી જ.

એકદમ લીસ્સો મજાનો ગુલાબી કાગળ, ઉપર પેલા લાલ કલરનાં બે ઘાયલ દિલ, મેં જરા ઉત્સુકતાથી કરવ ખોલ્યું.

અને પછી આંચકો જ આવ્યો, પગ પાણી પાણી થઇ ગયાં! ગળું સુકાવા લાગ્યું. બાર ડીગ્રી તાપમાનમાંય પરસેવાનાં ટીપા બાઝવા શરૂ થયાં, જેમ ભજીયાંમાં અચાનક એકાદું તીખું મરચું આવે એમ જ. આ કવરનો ગાળ જોતાં ઓફિસમાં જેમ અધિકારી મેમો પકડાવે ને જે અવસ્થા થાય એવી જ અવસ્થા થઇ ગઇ મારી...

એટલું શું થયું એમ પૂછો છો તમે? અરે આ વેલેન્ટાઇન ડેના દિવસે મસ્ત કવરમાંથી અત્તરની સુવાસવાળાં સુંદર અક્ષરે લખાયેલો પત્ર નીકળે એટલે કોઇ પણ સભ્ય, સંસ્કારી, સીધા માર્ગે ચાલનારાં માણસની હાલત જો આવી ના થાય તો બીજું થાય શું? એમાં ય પાછા આપણે તો બબ્બે દીકરીનાં બાપ અને આવો પ્રેમપત્ર જેવો કાગળ, જીયા ધડક ધડક જાયે...

થથરતાં હાથે ધડકતાં દિલે હું એ કાગળ વાંચવા લાગ્યો, કોઇ કોલેજીયન કન્યાએ કદાચ વેલેન્ટાઇનની મજા લેવા કાગળ લખ્યો હશે એવા છૂપા રોમાંચ સાથે જ સ્તો....

'મારાં દિલ્હીના દિલબર. હવે મને કેટલી હેરાન કરીશ? હું તો તારા વોંટ કયારનીય આંખો લગાવી બેઠી છું. તારાં માટે કમળનાં ફૂલોન કાર્પેટ બિછાવી બેઠી છું. પણ સાલું મારૂં સંપૂર્ણ ધ્યાન તારી તરફ, અને તું છે બીજે ડાફોળ રીયા મારે છે.'

મને ખબર છે, તને પેલી નવી ઝાડુવાળીનાં લટકાંઝટકાં વધુ ગમવા લાગ્યા છે. પણ ધ્યાનમાં રાખજે, નવો ઝાડુ માત્ર છ મહિના જ ટકે છે, પછી તો એની સળીઓ ખરવાની ચાલુ થઇ જાય, અને સરખો કચરોય ન વળાય. અને હા પેલી ઝાડુવાળી બહુ બહુ તો તારાં ઘરનો કચરો સાફ કરશે, પણ ઘર સજાવવા તો મારાં જેવી જ જોઇશે. તું જરા મારાં પિયર ગુજરાત આવીને જો અહીં તને બધું જ નવું નવું અને મસ્ત ગોઠવાયેલું જોવા મળશે...

અને પેલી મારાં સૌતન જેવી બધાંને ધોળા દિવસે તારા બતાવતી હાથ હલાવતી રહેતીથી જરા સાચવજે જ, તને ખબર છે એમે કોનો હાથ પકડયો છે? પેલી ઝાડુવાળીનો, પેલી કહેવત નથી અમારાં પિયરમાં કે 'ઘો મરવાની થાય એટલે વાઘરી વાડે જાય.' એક ઝાડુવાળી માટે આટલું આકર્ષણ સારૂં નહીં હોં!!'

'અરે મારા મતવાલા મવાલી, તારા માટે તો મેં કેટકેટલાં સ્વપ્નાં જોયા છે! તારૂં-મારૂં એક સુંદર ઘર હશે. શાંઘાઇ સિટી જેવા એરિયામાં અને ટમટમાટ ને ઝગમગાટ હશે. ઘર આગળ સુંદર રસ્તા હશે. રસ્તા પર ટોલટેક્સ નહીં હોય, ભય, ભૂખ, કશું જ નહીં હોય. હું તારા માટે રોજ ઢોકળાં, ખાખરાં, ફાફડાં, ઊંધિયું, ખાંડવી બનાવીશ. તને મસ્ત મસ્ત જગ્યાએ ફરવા લઇ જઇશ. અમેરિકા વાળા આપણને સામેથી વિઝા મોકલાવશે, તારા માટે વાઇબ્રન્ટ, પતંગ, મેરેથોન, સાયકલોથીમ, રણ ઉત્સવ, ખેલ મહાકુંભ... એટલું બધું કરીશ કે તને બીજી કોઇની યાદ જ નહીં આવે. એ હા આટલાં બંનેને એક બાળક હશે. મેં તો એનું નામ પણ નક્કી કરી રાખ્યું છે - વિકાસ'! અને તું? જરા ધ્યાન રાખ, હવે હું જ છું તારા કાળજાની રાણી અને દિલ્હીની પટરાણી!!'

આ વાંચીને હું તો 'ઝિલમિલ સિતારોં કા આંગન હોગા, રિમઝિમ બરસતા સાવન હોગા' ની જેમ ખોવાઇ જ ગયો. એટલામાં ધ્યાન ગયું કે કવરમાં બીજો પણ એક કાગળ હતો, એ પણ ફુલ ગુલાબી થયું કે હવે આમાં શું હશે? મેં વાંચવાનું ચાલું કર્યું...

'જો ભાઇ, તું આમ આદમી છે. પેલી કમળના ફુલોવાળીની વાતમાં ના ભરાતો, અત્યાર સુધી એણે ભલભલાને ભેરવી દીધા છે. એ ચા વેચતાં વેચતાં છેક 'ચાય પે ચર્ચા' પર ઉતરી આવી છે. મારી સામું જો પેલા વડીલ અન્ના જોડે રહીને ઝાડુ મારતાં શીખ્યું છે, અને ભ્રષ્ટાચારની સાફ સફાઇ કરવા કેટલા બધા લોકો ઝાડુ લઇ ઉતરી પડ્યાં છે, જરાં જો, બધાંને હવે ખબર પડવાં માંડી છે કે પેલા રાજકુમારી કે કમળવાળી બધાંને એમની ભ્રામક વાતોમાં ફોસલાવી પ્રેમમાં પાડી દે છે. હું તો સીધીસાદી છું, ગમે તે માંગણી માટે ધરણાં કરી દઉં છું, તારે કોઇ ચિંતા જ નહીં ઘર પણ સાફસૂફ કરીશ અને ભ્રષ્ટાચાર પણ! શું કીધું જરા ટોપી પહેરવાનું રાખ, અને એ પણ સફેદ 'મૈં આમ આદમી હું વાળી' નકલની સાવધાન!!'

હું તો માંડ માંડ કાંઇક સારા દિવાસ્વપ્નોમાં રાચતો હતો ત્યાં આ ઝાડુવાળીનાં પ્રેમપત્રએ મરે પાછો વિચારતો કરી નાંખ્યો, સાલી ઝાડુવાળી પણ છેક દિલ્હીનો કચરો સાફ કરી શકે? કે પછી આ કમળવાળીને હાથવાળી આનો જ કચરો ના કરી નાંખે?? આ બંનેની તૂલનામાં જયાં મગજ કોતરાઇ રહ્યું તો ત્યાં તો કવરમાંથી ત્રીજી ચિઠ્ઠી ડોકાચીયાં કરતી હતી, અને હું સાવધાન થઇ ગયો, સમજી ગયો કે આ તો પેલી પંજાવાળી જ??

'મારાં અંસતોષી અસંતુષ્ટ, તું તારી જાતને સમજે શું? હમણાં હમણાંથી તું મારી ટીકાઓ જ કરે રાખે છે એટલે આટલાં વર્ષો મેં તારા માટે કાંઇ કર્યું જ નથી? અરે ઓ વિઘ્નસંતોષી ભૂલકતાં સરદાર, આટલામાં જ ભૂલી ગયો? દસ વર્ષ પહેલાં તારી પાસે હતું શું? પેજર લઇને ફરતો હતો. મેં તને મોબાઇલ અપાવ્યો. એટીએમ કાર્ડ અપાવ્યું. તને સીધા સાદાં રસ્તા ખબર નહોતા, મેં તને વિમાન બતાવ્યું. તારા ખીવાપીવાનું ધ્યાન રાખ્યું. અરે, જીંદગીનો સૌથી મોટી ઓળખ જેવું મેં તને 'આધાર કાર્ડ' આપ્યું, અને તું જ હવે મને નિરાધાર બનાવવા પેલાં કમળવાળી અને ઝાડુવાળીને રવાડે ચઢ્યો છે?

અમારી ચાર-ચાર પેઢી તારી સેવામાં સમર્પિત થઇ ગઇ, અને તું મારો હવે હાથ છોડવાની વાત કરે છે? મને ખબર છે પેલી નવી સવી આવેલી ઝાડુવાળીએ તારા મનમાં મારાં માટેની ખરાબ ખરાબ વાતો ઠસાવી છે, પણ તું કાચા કાનનો ના થા?

(અનુસંધાન પાના નં. ૬ પર)

જેને કામ કરવું છે એના માટે બેકારી નથી

સોના સિવાય બીજા કોઈ ધાતુની એવી પાત્રતા નથી કે એ સિંહણનું દૂધ સ્વીકારી શકે, સંભાળી શકે, સાચવી શકે, કંઈક મેળવવા માટે પાત્રતા કેળવવી પડે, પાત્રતા વિના તો ઈશ્વર પણ આપણને કશું ના આપે

ગુલમહોર
- દિનેશ દેસાઈ

મહાન ચિંતક કન્ફ્યુસિઅસનું કહેવું છે કે, 'તમે નિરાશા છોડી દો, પણ આશા ક્યારેય ના છોડશો. સામે મળેલી તક ઝડપી લો, પરંતુ યાદ રાખો કે, તક એ પાણી જેવી છે, સરકી જશે. એના માટે સુપાત્ર બનશો તો સંગ્રહી શકાશે.'

વાત સમજવા જેવી છે. આપણે ત્યાં પણ કહેવાય છે કે, દાન સુપાત્રને હોય, કુપાત્રને નહીં. સંસ્કૃત સુભાષિત એમ કહે છે કે, સિંહણનું દૂધ તો એક માત્ર સુવર્ણપાત્રમાં જ રાખી શકાય. સોનાનાં વાસણના બદલે અન્ય કોઈ ધાતુનું વાસણ હોય તો એ વાસણ ખુદ કાણુ થઈ જશે અને દૂધ ઢળી જશે. સોના સિવાય બીજા કોઈ ધાતુની એવી પાત્રતા નથી કે એ સિંહણનું દૂધ સ્વીકારી શકે, સંભાળી શકે, સાચવી શકે. કંઈક મેળવવા માટે પાત્રતા કેળવવી પડે. પાત્રતા વિના તો ઈશ્વર પણ આપણને કશું ના આપે.

જેમને કામ કરવું છે, એના માટે કોઈ બેકારી નથી, એમ ભલે કહેવાતું હોય, પરંતુ બિચારા ગોરાઓ તો એમ કહી રહ્યા છે કે, ઓ.કે. પણ કામ તો લાવો... રોજગારી તો અપાવો. અમેરિકાની વાત જુદી છે. એમને તો હાથનાં કર્યાં જ હૈયે વાગ્યાં છે. પરંતુ, ભારતનું શું? આપણે ત્યાં ન્યૂ-એજ, ન્યૂ જનરેશનની તાસીર એવી સામે આવી છે કે, અમને જોબ આપો. એ પછી તેમને કહેવામાં આવે કે, કામ તો કરો, ત્યારે એમની એક જ માગ હોય છે કે, કામ તો ઠીક લાગશે તો કરીશું. બસ, સેલરી આપો.

થોડા સમય પહેલાં ઈન્ફોસિસ કંપનીના સ્થાપક અને ચેરમેન-એમિરેટ્સ એન.આર. નારાયણમૂર્તિએ દેશના યંગ-જેન માટે એમ કહેવું પડ્યું છે કે, આ યંગસ્ટર્સને કામ કરવું નથી. શોર્ટ-કટથી રૂપિયા કમાઈ લેવા છે. રાતોરાત લાખોપતિ નહીં, કરોડપતિ બની જવું છે. પછી તો રૂપિયા માટેનો એ શોર્ટ-કટ કરપ્શન યા ભ્રષ્ટાચારનો પણ કેમ ના હોય.

નારાયણમૂર્તિનું કહેવું છે કે, આજે દેશ એવા ચોરાહા ઉપર ઉભો છે કે, દેશના યુવાનો-યુવતીઓ માટે ભ્રષ્ટાચારી અને અપ્રામાણિક લોકો રોલ-મોડલ (આદર્શ) બની રહ્યા છે. એનું કારણ એ પણ છે કે, આ યુવાઓ માટે રોલ-મોડલ બની શકે એવા લોકોની સંખ્યા બહુ ઝડપથી ઘટી રહી છે. કારણ કે, જાહેર જીવનના કોઈ પણ ક્ષેત્રમાં પ્રામાણિકતા, વચનબદ્ધતા, હિંમત અને સખત પરિશ્રમને અગ્રતા આપીને કામ કરતા કેટલા લોકો છે, કે જેમને જોઈને જ આપણને ગર્વ થાય? ના, એવી સ્થિતિમાં ઘટાડો થઈ રહ્યો છે.

આપણી પાસે રોલ-મોડલ ના હોવાથી આજના યુવાઓ બધું ઊલટું જ કરી રહ્યા છે. જેમ કે, (૧) પ્રામાણિકતાના બદલે અપ્રામાણિકતા, (૨) હિંમત અને વચનબદ્ધતાના બદલે દગાબાજી તથા (૩) સખત પરિશ્રમના બદલે સબ ચલતા હૈ...નું વલણ. આથી તેમને કોઈ જ નુકસાન થતું નથી. ઊલટાનું આમ કરવાથી આ યુવાઓ વધુને વધુ શક્તિશાળી અને વધુને વધુ સંપત્તિવાન પણ બની રહ્યા છે.

આ જ કારણે આપણી નેક્સ્ટ જેનને ખોટા સિગ્નલ્સ મળી રહ્યા છે. તેઓ તો એમ જ માની બેઠા છે કે, આમ કરવાથી જ રૂપિયા મળશે ને રૂપિયાને જ તેઓ સકસેસ અને એચિવમેન્ટ માને છે. તેમને કદાચ આ જ સફળતાનો રસ્તો છે, તો એમાં તેમનો શો દોષ? કારણ કે, આપણા સમાજમાં સર્વત્ર એવા જ લોકોની બોલબાલા છે કે જેમને જોઈને તેઓ મોટા થયાં છે, વિકસ્યાં છે. આથી જ આગળ જતા એમના (ભ્રષ્ટાચારીઓ) જેવા બનવા યુવાનો-યુવતીઓ વિચારતા થયા હોય છે.

ધી ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (આઈ.એલ.ઓ.)એ એક નવા અહેવાલમાં